જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૭/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૩૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૪૧૦ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૮ બિયર ટીન, ૦૧ લોડીંગ ટેમ્પો અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૫,૦૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૩૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૩૫/૨૦૨૫**

વટવાઃ ઝૈનુલ ગુલામહુસેન કોન્ટ્રાક્ટર (ઉ.વ.૫૩) (રહે. ઈન્સુ એપાર્ટમેન્ટ, ઉષા–કિરણ ફ્લેટ પાસે ખાનપુર દરવાજા પાસે) એ તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૫/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વટવા પ્રેમકંડક્ટરના ગોડાઉનમાં આવેલ "બાયોપેટ પોલીમર્સ" નામની પોતાની કંપનીમાંથી જી–સાબરકાંઠા તા.હિંમતનગર ગાંભોઈ ભિલોડા રોડ પોસ્ટ–વાવડી ખાતે આવેલ હેલીફ્લેક્ષ કંપનીના ભાગીદારો (૧) ઉત્કર્ષભાઈ (૨) હાર્દિકભાઈ (૩) પ્રહલાદભાઈ (૪) વિષ્ણુભાઈ (૫) નિરવભાઈ તથા (૬) શૈલેષભાઈ એ ભેગા મળી ઝૈનુલ ગુલામહુસેન કોન્ટ્રાક્ટર પાસેથી પેટફ્લેક્ષનો માલ મેળવી લઈ તે પૈકી બાકી નિકળતા રૂપિયા ૨૧,૯૭,૮૬૦/– નહી ચુકવી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

નારોલઃ તેજપાલ ભાદરરામ ઈસરાન (ઉ.વ.૪૯) (રહે. પુષ્પ ટેનામેન્ટ મોની હોટલના ખાંચામાં ઈસનપુર) એ તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તેજપાલ ઈસરાન નાઓની સ્પીડવેલ લોજીસ્ટીક કાર્ગો નામની કંપનીમાં માર્કેટીંગ મેનેજર તરીકે કામ કરી આરોપી કપીલદેવ રાજકુમાર શર્મા (રહે. સુંદરમ એવેન્યુ શ્રીરામ રેસિડેન્સી પાસે નારોલ) નાઓએ તા.૧૬/૧૦/૨૦૨૪ થી તા.૨૯/૦૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન તેજપાલ ઈસરાનની કંપનીની ખોટી બિલ્ટીઓ બનાવી કોઇ ટ્રાન્સપોર્ટેશન નહીં કરેલ હોવાનું જાણવા છતાં સદરહુ બિલ્ટ્રીમાં Truetzchler india pvt.ltd કંપનીનો ટ્રાન્સપોર્ટેશન રિસીવ કરેલાનું ખોટો સિક્કો મારી તેમા કર્મચારીની ખોટી સહી કરી કરાવડાવી કંપનીમાં રજુ કરી કુલ રૂપિયા ૧૧,૬૩,૦૦૦/– મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી. સાંબડ ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ અવની ડો/ઓ વિષ્ણુભાઇ પ્રજાપતી (ઉ.વ.૩૦) (રહે. સુર ગોવિંદ બંગ્લોઝ મન રેસીડેન્સીની બાજુમાં વાસણા) એ તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઘાટલોડીયા શાયોના સીટી પાસે વિશ્વાસસીટી-૨ શોપ નંબર-૨૭ ખાતેથી ડી.એમ.કોર્પોરેશનના માલીક શીતલબહેન ગોપાલભાઇ પંચાલ (રહે.બાલેશ્વર સિલ્વર લાઈન ફ્લેટ હાથીજણ રોડ) (ઓફીસ-બી/૨૧૨/સુમેલ-૬ દુધેશ્વર રોડ શાહીબાગ) એ અવની પ્રજાપતી પાસેથી પ્રીગાબાલીન આઇપીનો માલ મેળવી લઈ તે પૈકીના બાકી નિકળતા રૂપિયા ૧૨,૭૦,૦૦૦/- નહી ચુકવી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૯૩૬/૨૦૨૫**

સાબરમતીઃ દર્શન સ/ઓ બલવંતભાઇ ભાવસાર (રહે. આમંત્રણ બંગ્લોઝ એરોન કોમ્પ્લેક્ષની બાજુમાં ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૦૨/૦૭/૨૦૨૫ સવારના કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન રામનગર જૈન દેરાસર પાસે દર્શન પાન પાર્લર નામના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૪,૦૨,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.રાજપુત ચલાવે છે.

ખાડીયાઃ સુરેશભાઈ રાજારામ ગનવાણી (ઉ.વ.૫૮) (રહે. રીદ્ધી સીદ્ધી રેસીડન્સી તાજ હોટલની બાજુમાં હાંસોલ સરદારનગર) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૫ રાતના ૮/૩૦ થી તા.૦૯/૦૭/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન ખાડીયા ગાંધી રોડ નાગરવાડા કર્ણાવતી ઈલેક્ટ્રીક્સ નામની પોતાની દુકાનના પહેલા માળનો બાલ્કનીનો લાકડાનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાથી ઈલેક્ટ્રીક ચીજવસ્તુઓ કિમત રૂપિયા ૫૩,૫૩૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.પી.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૯૩૭/૨૦૨૫**

ચાંદખેડાઃ ચાંદખેડા મોટેરા રોડ ડિકેથલોન પાછળ સ્કાય એલીજંટ ફ્લેટ દુકાન નં-૨૮ ખાતે રહેતા સુભાષકુમાર સ/ઓ નંદુ વૈકુંઠ (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ-ડુબ્બા તા-સોનો ડુબ્બા જી-જમુઈ બિહાર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૦૨૫ સવારના ૮/૧૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે પંખા સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આનંદકુમાર પરસોતમભાઈ ચલાવે છે.

સાબરમતીઃ (૧) યોગેશ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૩૨) (રહે. ન્યુ મહાસાગર સોસાયટી ભુતબંગલા જવાહર ચોક સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૦૨૫ કલાક ૧/૦૦ થી સવારના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ટુવાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ મંગળભાઈ ચલાવે છે.

સાબરમતીઃ (૨) મોહમદઅનહર મોહમદઅજહર શેખ (ઉ.વ.૨૩) (રહે. હરીમગન એપાર્ટમેન્ટ લક્ષ્મણજીની ચાલી ધર્મનગર સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી